પત્રિકા ૧૫૩

# ચિરાગે હિદાયત

૬/૦૪/૧૮
૧૮ રજબ

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૦ રજબ – વિલાદતે જનાબે સકીના(સ.અ.)
૨૨ રજબ – નઝરે ઈમામ જાફરે સાદિક(સ.અ.)
૨૪ રજબ – વિલાદતે હઝરત અલી અસગર(અ.સ.)
૨૫ રજબ – શહાદતે ઈમામ મુસા કાઝિમ(અ.સ.)

## નઝરો ન્યાઝની શરઈ હૈસિયત

૨૨ રજબુલ મુરજ્જબ ખુશીનો દિવસ છે. ૨૨ રજબ, હિ.સ.૬૦માં મૌલા અલી ઈબ્ને અબીતાલિબ(અ.સ.)નો કાતિલ વાસિલે જહન્નમ થયો.

બની ઉમય્યાના ઝુલ્મને કારણે અઈમ્મા(અ.મુ.સ.)માંથી ઈમામ હુસૈન(અ.સ.), ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.), ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) મોટી ઈદોમાંથી આ મોટી ઈદને ન મનાવી શક્યા. આ ઈદને છઠ્ઠા ઈમામ, ઈમામ જાફરે સાદિક(અ.સ.)એ મનાવી. આ જ માટે ૨૨ રજબની ઈદને ઈમામ જાફરે સાદિક(અ.સ.)થી મનસુબ કરવામાં આવે છે. નઝરે ઈમામ પણ આને જ કહે છે અને ન્યાઝ પણ આને જ કહે છે.

આની રીત એ છે કે નમાઝે સુબ્હ પછી નમાઝીઓને નાસ્તો કરાવવામાં આવે. ઈમામ જાફરે સાદિક(અ.સ.)એ સોહુર (નાસ્તો) કરાવ્યો અને નમાઝીઓને કહ્યું કે ''આજે મારા ઘરે જમજો.'' ત્યારથી જ નઝરે ઈમામ જાફરે સાદિક(અ.સ.) મશહુર થઈ ગઈ.

નઝરો ન્યાઝ હકીકતમાં એક તોહફો છે. જે બારગાહે ઈમામમાં પેશ કરવામાં આવે છે અને આ અંદાજથી જે કાંઈપણ માસુમની ખિદમતમાં પહોંચાડીએ છીએ. તો તે બરકતો લઈને આવે છે. એ શક્ય જ નથી કે તમે ઈમામના નામ પર કાંઈ ખર્ચ કરો અને તમને તેનો બદલો ન મળે. પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) ફરમાવે છે કે ''મારી ઉપર અને મારી આલ ઉપર કરવામાં આવેલ ખર્ચનો અજ્ર આખેરતમાં તો મળશે જ પરંતુ દુનિયામાં પણ સિત્તેર ગણો થઈને મળશે.''

નઝરો ન્યાઝ ફક્ત એક રસ્મો રિવાજ નથી બલ્કે તેનો સવાબ જે બારગાહે માસુમ(અ.મુ.સ.)માંથી આવે છે તે ખુબ બરકતોવાળો હોય છે.

હકીકતમાં આ એક નઝર છે. પરંતુ તેને કુંડાના નામથી જાણવામાં આવે છે. આ રસ્મમાં નઝર કરનારે અલ્લાહ તઆલા પાસે અહદ કરેલો હોય છે કે અગર મારી ફલાણી હાજત પૂરી થઈ જશે તો હું દર વર્ષે ૨૨ રજબે મોઅમીનોને જમાડીશ અથવા તો

અલ્લાહ પાસે કોઈપણ હાજત વગર અહદ કરેલો હોય કે હું દર વર્ષે ૨૨ રજબે મોઅમીનોને જમાડીશ અને આ અમલના સવાબને ઈમામ જાફરે સાદિક(અ.સ.)ને હદિયો કરીશ. અહીં સુધી આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે કુંડા હકીકતમાં નઝર છે અને અલ્લાહથી કરવામાં આવેલો અહદ છે. હવે આપણે તે જોવાનું છે કે શું નઝર કરવી (મન્નત માંગવી), મોઅમીનોને જમાડવું, મોઅમીનોની મહેમાનગતિ કરવી બીદઅત છે? શું આ અમલ ગૈરેશરઈ છે?

હવે આપણે અહીં જોશું કે નઝર કુરઆન અને રિવાયતોથી સાબિત છે કે નહીં?! અને આપણા તમામ ફોકહાઓએ પોત પોતાની તવઝીહુલ મસાઈલમાં આના અહેકામ બયાન કરેલા છે.

* *નઝર કુરઆન શરીફની રોશનીમાં:*

**"જ્યારે ઈમરાનની પત્નીએ કહ્યું કે પરવરદિગાર! મેં મારા પેટના બાળકને તારી ખિદમત માટે નઝર કરી દીધું હવે તું કબુલ ફરમાવી લે."** *(સૂરએ આલે ઈમરાન, ૩૫)*

**"જરૂરી છે કે તેઓ પોતાની નઝરો પૂરી કરે."** *(સૂરએ હજ, ૨૯)*

**"મેં અલ્લાહની માટે રોઝાની નઝર માની છે, જેથી હું આજે વાત નહીં કરૂં."** *(સૂરએ મરિયમ, ૧૯)*

* રિવાયતમાં છે કે જ્યારે ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.) બાળપણમાં જ્યારે બીમાર થયા તો ઈમામ અલી(અ.સ.) અને જનાબે ફાતેમા(સ.અ.)એ હસનૈન(અ.મુ.સ.)ની સેહત માટે ત્રણ દિવસ નઝર કરીને રોઝા રાખ્યા.

હવે આપણે આ જોવાનું છે કે શું મોઅમેનીનને ખોરાક તકસીમ કરવો, તેમને ખવરાવવું બિદઅત છે?! શું આ અમલ રિવાયાતે માઅસુમીન(અ.મુ.સ.)થી સાબિત નથી?! તો આવો હવે આપણે માઅસુમીન(અ.મુ.સ.)ની રિવાયતો તરફ નજર કરીશું.

* *નઝરો ન્યાઝ માઅસુમીન(અ.મુ.સ.)ની રિવાયતોમાં:*

માઅસુમીન(અ.મુ.સ.)ની રિવાયતોમાં મોઅમીનોને ખોરાક આપવાની ઘણી બધી ફઝીલત બયાન કરવામાં આવી છે. અલ્લામા બાકિર મજલીસી(રહ.) પોતાની કિતાબ 'હિલ્યતુલ મુત્તકીન'માં મોઅતબર સનદોની સાથે ઈમામ જાફર સાદિક(અ.સ.)થી એક રિવાયત બયાન કરે છે કે જેના અનુસાર ઈમામ જાફર સાદિક(અ.સ.)ને ઘણી વખત ઉમદા રોટી, બહેતરીન ખીર અને લઝીઝ હલવો લોકોને ખવરાવતા હતા અને આ ફરમાવતા હતા કે "જ્યારે ખુદા અમારી માટે નેઅમતો અતા કરે છે તો અમે પણ લોકોને ખુલ્લા દિલથી ખવડાવીએ છીએ."

ઈમામ જાફર સાદિક(અ.સ.)એ ફરમાવ્યું કે **"જે શખ્સ અલ્લાહ તઆલાની મોહબ્બતમાં કોઈ મોઅમીન ભાઈને ખાવાનું ખવરાવે છે તો તેના માટે તે શખ્સના બરાબર સવાબ છે કે જે લોકોમાંથી 'ફયામ'ને ખાવાનું ખવરાવે."** રાવી કહે છે કે મેં પૂછ્યું "ફયામ શું છે?" તો ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું "એક લાખ ઈન્સાન." *(ઉસુલે કાફી, જિ. ૨)*

ઈમામ જાફર સાદિક(અ.સ.)એ ફરમાવ્યું કે **"મારી નજીક કોઈ ચીઝ મોઅમીનના દીદાર અને ઝિયારતની બરાબર નથી. સિવાય તેને ખાવાનું ખવરાવવા અને જે શખ્સ કોઈ મોઅમીનને ખાવાનું ખવરાવે તો તેનો હક આ છે કે અલ્લાહ તેને જન્નતના ખોરાકમાંથી ખાવાનું ખવરાવશે."** *(ઉસુલે કાફી, જિ. ૨, બાબે ઈત્આમે મોઅમીન)*

ઈમામ જાફર સાદિક(અ.સ.)એ ફરમાવ્યું કે **"કાએનાતમાં અલ્લાહ સિવાય કોઈપણ મખ્લુક ભલે પછી મુકર્રબ ફરિશ્તા હોય કે નબીએ મુરસલ હોય. અલ્લાહની તરફથી આખેરતમાં મળનાર આ સવાબને નથી જાણતા કે જે એક મુસલમાનને પેટ ભરીને ખાવાનું ખવરાવવાનો સવાબ છે."** *(ઉસુલે કાફી, જિલ્દ ૨, બાબે ઈત્આમે મોઅમીન)*

આ રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે મોઅમીનોને ખાવાનું ખવરાવવું બિદઅત નથી બલ્કે એક ખુબજ સારો અને ફઝીલતભર્યો અમલ છે.

## શાહઝાદી બીબી સકીના(સ.અ.)

૨૦ રજબુલ મુરજ્જબ વિલાદતે શાહઝાદી બીબી સકીના બિન્તુલ હુસૈન(સ.અ.)ની દરેક શિયાને અલીને મુબારકબાદ પેશ કરીએ છીએ. આપ(સ.અ.)ની વિલાદત કરબલાના બનાવના ચાર અથવા પાંચ વર્ષ પહેલા મદીનામાં થઈ. આપ(સ.અ.)ની વાલેદાનું નામ જનાબે ઉમ્મે રૂબાબ(સ.અ.) કે જેઓ ઈમ્રઉલ કૈસના અઝીમ અને ઉચ્ચ મરતબાવાળા દુખ્તર છે અને ઈમામ હુસૈન(અ.સ.)ના શરીકે હયાત છે.

બીબી સકીના(સ.અ.) પોતાના કમાલ, અખ્લાક અને નેક સિફાતને કારણે પોતાના બાબા ઈમામ હુસૈન(અ.સ.)ની નઝરમાં ખુબજ અઝીઝ હતા. આ જ કારણ છે કે ઈમામ(અ.સ.)એ આપ(સ.અ.)નો ખુબસુરત લકબ 'ખૈરતુન્નિસા' રાખીને આપ(સ.અ.)ના મરતબાને લોકોની સામે સ્પષ્ટ કરી દીધો.

ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યું **"જે ઘરમાં સકીના અને રૂબાબ નથી હોતા તે ઘરમાં મને સારૂં નથી લાગતું."** ઈમામ હુસૈન(અ.સ.)ના આ કૌલથી માલૂમ થાય છે કે આપ(અ.સ.)ની નજરમાં જનાબે સકીના(સ.અ.)ની એહમિયત ઘણી વધારે હતી.

* *કરબલામાં બીબી સકીના(સ.અ.) :*

બીબી સકીના(સ.અ.)એ કરબલાના દર્દનાક મંઝરોને ખુબજ સબ્ર અને હોંસલાથી

સહન કર્યા. આપ(સ.અ.)એ કરબલાના મેદાનમાં પોતાના બાબાની આવાઝે ઈસ્તેગાસાને સાંભળી અને પૂરી હિંમતની સાથે માં, બહેન, ફુફીઓ અને બીજા અસીર ખ્વાતીનના દર્દને મહેસૂસ કર્યો. એટલું જ નહીં બલ્કે પોતાનાથી નાના બાળકોની સરપરસ્તી અને દિલોને બહેલાવતા રહ્યા.

બીબી સકીના(સ.અ.) જાણતા હતા કે તેમના બાબા ઈમામ હુસૈન(અ.સ.) અમ્ર બિલ માઅરૂફ અને નહિ અનિલ મુન્કર કરવા તેમજ બિદઅત અને દિનથી દૂરીનો અંત કરવા માટે ઉભા થયા છે. આ જ કારણ છે કે કરબલાના દિલ દેહલાવી દેનારા મંઝરો ઉપર અને બાબા ઈમામ હુસૈન(અ.સ.)ના કપાયેલા સર મુબારકને જોવા છતાં હિંમતો હોંસલામાં જરા પણ કમી ન થઈ.

જ્યારે અગિયાર મોહર્રમમાં આપ(સ.અ.)ને કૈદી બનાવીને લઈ જવામાં આવ્યા અને નામહેરમોની નઝરો ખાનદાને ઈસ્મતો તહારત ઉપર પડી ત્યારે આપ(સ.અ.)એ ખુબજ કોશિશ કરી કે તેઓની નાપાક નજરોથી પોતાને બચાવી લે. આથી આપ(સ.અ.)એ ફરમાવ્યું ''મારા બાબાના સરને કાફલાની આગળ લઈ જાઓ કે જેથી લોકો મારા બાબાના સરને જુએ અને ખ્વાતિને ઈસ્મતો તહારત ઉપર લોકોની નજર ન પડે.''

ઈમામ હુસૈન(સ.અ.)ની બહાદુર બેટીએ પોતાના ફુફીની જેમ યઝીદ ઈબ્ને મોઆવિયાને દરબારમાં મુખાતબ થઈને કહ્યું ''અય યઝીદ! મારા બાબાને કત્લ કરીને ખુશ ન થા કેમ કે તેઓ ખુદા અને રસૂલ(સ.અ.વ.)ના મુતીઓ ફરમાંબરદાર હતા. અલ્લાહની દાવતને કબૂલ કરીને શહાદતના દરજ્જા ઉપર ફાએઝ થઈને શહીદે શોહદા બની ગયા. અય યઝીદ! જાણી લે કે એક દિવસ તને અદાલતે ઈલાહીમાં ઉભો રાખવામાં આવશે માટે તે દિવસના જવાબની તૈયારી કર. પરંતુ અય યઝીદ! તું કેવી રીતે જવાબ આપી શકીશ.'' આવી રીતે બીબી સકીના(સ.અ.) જ્યાં સુધી હયાત રહ્યા ત્યાં સુધી ઈમામ હુસૈન(અ.સ.)ના મકસદને ફેલાવતા રહ્યા.

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે અલ્લાહ એહલેબૈત(અ.મુ.સ.) બિલ ખુસુસ જનાબે સકીના(સ.અ.)ના સદકામાં આપણને બધાને ઈત્તેહાદો ઈત્તેફાકની સાથે નેક આમાલ કરવાની તૌફીક ઈનાયત ફરમાવે અને ઝમાનાના ઈમામ(અ.સ.)ના ઝહુરમાં તાજીલ ફરમાવે તેમજ આપણને બધાને મૌલા(અ.સ.)ના જાનિસાર સિપાહીઓમાં કરાર દે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com